| | | | |
|---|---|---|---|
| GJKT180011292020 | રજી.લીધા તારીખ | : | 19-12-2014 |
| | ફેસલ તારીખ | : | 17-03-2026 |
| | સમયગાળો | : | વર્ષ 11, માસ 02, દિવસ 29 |

**JUDGMENT**
**(Delivered on -13-03-2026)**

**(નમૂનો : – અ)**

---

| |
|---|
| **કચ્છના મહે. પાંચમી અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં,**<br>**મું–ભચાઉ–કચ્છ.** |
| (શ્રી બી.એલ.ચૌઇથાણી)<br>પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ<br>ભચાઉ–કચ્છ. |

| | | |
|---|---|---|
| ચૂકાદાની તારીખ | : | ૧૭/૦૩/૨૦૨૬ |
| કેસ નંબર | : | ૬૩/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | : | ભચાઉ પોલીસ સ્ટેશન |
| એફ.આઇ.આર.નં | : | ૭૮/૨૦૧૨ |
| ગુનો | : | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૬, ૧૧૪ |

| | | | |
|---|---|---|---|
| ફરિયાદી | : | ગુજરાત સરકાર શ્રી, | |
| | | | |
| આરોપી | : | (૧) | સોમાભાઈ કરશનભાઈ કોલી, ઉ.વ.–૩૨,<br>ધંધો–મજુરી,<br>રહે–મલુવાંઢ, કાનમેર, તા.રાપર–કચ્છ. |

| | | | |
|---|---|---|---|
| | | (૨) | મુકેશભાઈ રામજીભાઈ કોલી, ઉ.વ.–૩૫,<br>ધંધો–મજુરી,<br>રહે. ગાગોદર, તા. રાપર–કચ્છ. |
| સરકાર શ્રી તરફે | : | | વિદ્વાન એ.જી.પી.શ્રી. ડી.એસ.જાડેજા |
| આરોપી તરફે | : | | વિ.વકીલ શ્રી બી.પી. પરસોંદ, વી.જી. મકવાણા |

## (નમૂનો : –બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૮/૦૬/૨૦૧૨ |
| ફરિયાદની તારીખ | : | ૦૧/૦૭/૨૦૧૨ |
| ચાર્જશીટ તારીખ | : | ૦૯/૦૩/૨૦૧૩ |
| ચાર્જફ્રેમ તારીખ | | ૨૯/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૯/૦૮/૨૦૨૫ |
| સજા કરી હોય તો સજા | : | –– |

આરોપીની વિગત :–

| અ. નં. | આરોપીનું નામ : | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | સજા | Crpc : 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સોમાભાઈ કરશનભાઈ કોલી | ૦૨/૦૭/૨૦૧૨ | – | ઈ.પી.કો. કલમ–૩૬૬, | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૧૪ | | | |
| ૨. | મુકેશભાઈ રામજીભાઈ કોલી | ૧૦/૦૭ /૨૦૧૨ | | ઈ.પી.કો. કલમ– ૩૬૬, ૧૧૪ | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ :–

(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૩૬ | –––––– | ભોગબનનાર |
| ૪૦ | અમરબેન બાઉભાઈ મોર | સાહેદ |
| ૪૩ | સંગ્રામસિંહ શિવનાથ યાદવ | ત.ક.અ. |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

(સી) કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–

(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–

| અ.ન. | આંક | દસ્તાવેજની નકલ |
|---|---|---|
| ૧ | ૩૭ | ભોગબનનારનું નિવેદન |
| ૨ | ૪૪ | ફરીયાદ |
| ૩ | ૪૫ | અટક પંચનામું |
| ૪ | ૪૬ | અટક પંચનામું |
| ૫ | ૪૭ | ગુમ નોંધ |
| ૬ | ૪૮ | મેસેજ |
| ૭ | ૪૯ | તપાસ યાદી |
| ૮ | ૫૦ | તપાસ યાદી |
| ૯ | ૫૧ | તપાસ યાદી |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–

| અ.ન. | આંક | દસ્તાવેજની નકલ |
|---|---|---|
| – | –– | –– |

(સી) કાર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–

| અ.ન. | આંક | દસ્તાવેજની નકલ |
|---|---|---|
| – | –– | –– |

**–:: ચૂકાદો ::–**

(૧) હાથપરના કેસમાં ભોગબનનારના પિતાએ ભોગબનનાર ગુમ થયેલની નોંધ ભીમાસર પોલીસ સ્ટેશનમાં કરેલી. ત્યારબાદ ભોગબનનાર મળી આવતાં તેણીને આરોપીઓ ભગાડી ગયેલ હોવાની હકીકત જાહેર થતાં ફરીયાદીએ તા. ૦૧/૦૭/૨૦૧૨ ના રોજ તેવી ફરીયાદ જાહેર કરેલ કે, આ કામના ભોગબનનાર ઘરે એકલા હતાં ત્યારે આરોપીઓ તેણીનું અપહરણ કરી લગ્ન કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી ભગાડી ગયેલ છે. જે ફરીયાદ ભીમાસર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં. ૭૮/૧૨ થી તા. ૦૧/૦૭/૨૦૧૨ ના રોજ ઈ.પી.કો.કલમ–૩૬૬, ૧૧૪ ના ગુના કામે રજીસ્ટરે લેવાયેલ.

(૨) સદર ગુનાની તપાસ એ.એસ.આઈ. એસ.એસ. યાદવનાએ કરેલી અને ભોગબનનાર મળી આવતા તેણીનું નિવેદન, સાહેદોના નિવેદન લઈ, પંચનામું કરી આરોપીઓની ધરપકડ કરી ચાર્જશીટ રજૂ કરતાં સદર ચાર્જશીટ રાપરના જ્યુ.મેજી.ફ.ક. સમક્ષ રજૂ થતાં ફોજદારી કેસ નં. ૧૬૦/૨૦૧૩ થી રજીસ્ટરે લેવાયેલ. આરોપીઓ વિરૂદ્ધનો ગુનો તપાસ ટ્રાયબલ હોય વિદ્ધાન મેજીસ્ટ્રેટે ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૯ મુજબ કેસ કમીટ કરતાં આ કેસ અગાઉ અંજાર સબ ડિવિઝનમાં સેશન્સ કેસ નં.૧૫૮/૨૦૧૫ થી રજીસ્ટરે લેવાયેલ. ત્યારબાદ અત્રેના સેશન્સ સબ ડિવિઝનમાં સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૦ થી રજીસ્ટરે લેવાયેલ.

(૩) અત્રેની કોર્ટમાં આરોપીહો હાજર થતાં આરોપીઓને ચાર્જશીટ સાથેના તમામ કાગળોની નકલો વીના મુલ્યે મળી ગયાની ખાતરી કર્યાબાદ આંક–૨૮ થી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ–૩૬૬, ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓએ આંક–૨૯ અને આંક–૩૦ મુજબ પ્લી લેતા આરોપીઓએ ગુનો ના–કબુલ કરતા ફરિયાદપક્ષનો કેસ શરૂ કરવામાં આવેલો.

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી આ કામે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે.

(૪) ઉપરોકત પુરાવા બાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો કર્યાનું જાહેર કર્યા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનું જણાવી સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે, સાક્ષી પુરાવા રજૂ કરવા નથી તેમ જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી ડી.એસ.જાડેજાની તથા આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી વી.પી.પરસોંદ તથા વી.જી.મકવાણાની રજુઆતો સાંભળવામાં આવેલ છે. કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) ઉપરોકત પુરાવાઓ અને કેસનું રેકર્ડ જોતાં આ કેસના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં–(૧)** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓઓ ભોગબનનારને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જઈ તેમ કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૬, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં– (૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે :–

**મુદ્દા નં–(૧) નકારમાં.**

**મુદ્દા નં–(૨) આખરી હુકમ મુજબ.**

## –:: <u>નિર્ણયના કારણો</u> ::–

(૮) બંન્ને પક્ષોની રજુઆતો તથા કેસની હકીકતો લક્ષમાં લેતા આ કામના આરોપીની સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૬, ૧૧૪ મુજબના ગુના સબબ તહોમત ફરમાવવામાં આવેલ છે. તે રીતે આરોપી સામે ખુબ જ ગંભીર પ્રકારનું તહોમત મુકવામાં આવેલ છે. પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો મુજબ આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે. આરોપી વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે આવશ્યક તત્વો જોઈએ તો, ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવું પડે કે, આ કામના આરોપીઓ ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરીને ભગાડી ગયેલા. હાથપરના કેસમાં જે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તે જોતાં બનાવ સમયે ભોગબનનાર પુખ્ત ઉંમરની હતી. તેથી આ પ્રકારના કેસના નિર્ણય માટે ભોગબનનારનો પુરાવો મહત્વનો અને **<u>નિર્ણાયક</u>** ગણી શકાય. જો ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય, ભરોષાપાત્ર અને માનવાલાયક હોય તો ફકત ભોગબનનારના પુરાવાના આધારે આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુનામાં કસુરવાન ઠરાવી શકાય.

(૯) હાથપરના કેસમાં ભોગબનનારને ફ.પ.સા.નં.૧ તરીકે આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. તેણીએ કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવેલ છે કે, તેણીને તેના પિતા સાથે મતભેદ ઉભા થતાં તેમજ તેણીના પિતા તેમજ માતા તેણીના લગ્ન તેની ઈચ્છા વિરૂદ્ધ અન્ય જગ્યાએ કરાવવા ઈચ્છતા હોવાથી કોઈપણને ઘરેથી કહ્યા વગર જતી રહેલી જેથી તેના પિતાએ તેની ગુમ નોંધ લખાવેલી અને ત્યારબાદ ફરીયાદ જાહેર કરેલી. તેણીએ સરતપાસમાં હાલના આરોપી કે કોઈપણ તેણીને ભગાડીને લઈ ગયેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી. તપાસકરનાર અમલદાર એટલે

કે, ફ.પ.સા.નં. ૩ ભોગબનનારનું આંક–૩૬ મુજબનું નિવેદન નોંધેલ હોવાનું જણાવે છે. ભોગબનનારે આંક–૩૬ ના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ સદર નિવેદનમાં જણાવ્યાં મુજબની કોઈ હકીકતો તેણીએ પોલીસ રૂબરૂ લખાવેલ હોવાની ઈન્કારી કરે છે. તે હકીકતે સદર નિવેદન પુરવાર થયેલ નથી. તે હકીકતે ભોગબનનારનો કોર્ટ સમક્ષનો જે પુરાવો આવેલ છે તે જોતાં તેણીને તેના પિતા સાથે બોલાચાલી થતાં તેણી ઘરેથી જતી રહેલી અને થોડા દિવસ બાદ તેણી ઘરે આવેલ ત્યારબાદ તેના પિતાએ તેને કાગળમાં સહી કરવાનું કહેતા તેણીએ વાંચ્યા વગર સહી કરેલ અને તેણીને વારંવાર પુછવામાં આવેલ છે કે, તેણીની સાથે બીજું કાંઈ બનેલ છે કે–કેમ? તે હકીકતની તેણીએ વારંવાર ઈન્કારી કરેલ છે. વિશેષમાં તેણીએ તેમ પણ જણાવેલ છે કે, તેણી ઘરે આવ્યા બાદ તેણીના પિતાએ તેણીના લગ્ન કરાવેલ છે અને તેણી તેના પતિ સાથે મુંબઈમાં રહે છે. તેણીને હાલ બે સંતાનો છે. તેણીએ આ કેસની કાર્યવાહી આગળ ચલાવવી નથી. વિશેષમાં તેણી સરતપાસમાં તેમ પણ જણાવે છે કે, તેણીના માનવા મુજબ તેણીના લગ્ન તેણીના માતૃશ્રીએ સામ–સામે કરાવવાના હોવાથી તેણીના પિતાએ ખોટી ફરીયાદ લખાવેલ છે. તેણી તેમ પણ જણાવે છે કે, તેણી ૮ (આઠ) પાસ છે અને મુંબઈમાં પનવેલ વિસ્તારમાં ગીફ્ટ શોપ ચલાવે છે. તેણીને આરોપીએ કોઈ ધાક–ધમકી આપેલ નથી કે, તેણીને ભગાડીને લઈ ગયેલ નથી.

(૧૦) આમ, પ્રોસિકયુશન માટે જે સાહેદ મહત્વના કહી શકાય તે ભોગબનનાર પ્રોસિકયુશનના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. ફરી ગયેલ જાહેર કરવામાં આવ્યાબાદ પણ તેણીના પુરાવાથી આરોપીઓને તેઓની સામેના આક્ષેપ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી શકાય તેવા કોઈ સંજોગો અને પરિસ્થિતિ અસ્તિત્વમાં હોવાનું પ્રસ્તુત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. હાલમાં જે પ્રકારનો આ

કેસ છે તે પ્રકારના કેસમાં તપાસકરનાર ના પુરાવાથી આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુનામાં કસુરવાન ઠરાવી શકાય નહીં. ભોગબનનાર બનાવ સમયે પણ પુખ્ત ઉંમરની હતી અને હાલમાં પણ કોર્ટ સમક્ષ જ્યારે પુરાવો આપવા આવેલ ત્યારે તેણીએ નિર્ભયતાથી કોઈપણ જાતના દબાણ વગર પુરાવો આપેલો અને તેણીએ જાતે ઘરેથી જતી રહેલ હોવાનું જણાવેલ. ઉપરોકત તમામ હકીકતે જયારે ભોગબનનાર પ્રોસીકયુશનના કેસને જરાપણ સમર્થન કરતાં ન હોય અને તેણી હાલમાં પોતાનું વિવાહિત જીવન અન્ય એક ઈસમ સાથે પતિ અને સંતાઓ સાથે મુંબઈ મુકામે વિતાવી રહેલી હોય અને જ્યારે તેણીને આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય ત્યારે અન્ય સાહેદો તપાસીને પ્રોસીકયુશનની તરફેણમાં કોઈ ફળદ્રુપ પરીણામ આવી શકે તેમ જણાતું ન હોય આ કેસની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તો પક્ષકારોના વકીલોનો અને કોર્ટનો પણ સમય બચાવી શકાશે. જે તમામ હકીકતોએ અન્ય તમામ સાહેદોને ડ્રોપ કરી આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોય **મુદ્દા નં–૧** તે રીતે **નકારાત્મક** ઠરાવી **મુદ્દા નં–૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૨)(ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ : ૨૪૮(૧)) અન્વયે આ કામના આરોપી નં.૧ સોમાભાઈ કરશનભાઈ કોલી, આરોપી નં.૨ મુકેશભાઈ રામજીભાઈ કોલીનાઓને તેમની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૬, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૦ (ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ : ૪૩૭(એ)) મુજબ નવો જામીન ન લેતાં આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ : ૪૩૭(એ) ના હેતુ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે મુદ્દામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ :–૧૭મી , માહે :–માર્ચ , સને :– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :- ૧૭/૦૩/૨૦૨૬
સ્થળ :- ભચાઉ.

(ભરત લાલચંદ ચૌઇથાણી)
પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
કચ્છ ભચાઉ
(કોડ નં.જીજે૦૦૬૯૦)

J.H. GOHIL